# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના થરાદ ખાતે નવીન કૃષિ મહાવિદ્યાલયના મકાનનું શિલાન્યાસ કાર્યક્રમ યોજાયો

---

આજે તારીખ ૦૨.૦૪.૨૦૧૭ના રોજ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના થરાદ કેન્દ્ર ખાતે રૂપિયા ૨૧ કરોડના ખર્ચે તૈયાર થનાર કૃષિ મહાવિદ્યાલય અને રૂપિયા ૯ કરોડના ખર્ચે તૈયાર થનાર કન્યા અને કુમાર છાત્રાલયના નવીન મકાનનો શિલાન્યાસ વિધિ માનનીય કેન્દ્રિય મંત્રી શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા (રાજય કક્ષા), કૃષિ અને ખેડૂત કલ્યાણ, પંચાયતી રાજ, ભારત સરકાર, માનનીય મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા, કૃષિ અને ઉર્જા મંત્રીશ્રી, ગુજરાત રાજય અને માનનીય મંત્રીશ્રી કેશાજી ચૌહાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ, ગુજરાત રાજય તથા શ્રી પરબતભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી, થરાદ અને પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત રાજય અને પ્રો.(ડૉ.) અશોકભાઈ અંબાલાલ પટેલ, માન.કુલપતિશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના હસ્તે યોજવામાં આવેલ હતો.

આ પ્રસંગે કીઓસ્કનું ઉદઘાટન પણ માન. મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યું હતું. કીઓસ્કમાં કૃષિ યુનિવર્સિટી તેમજ થરાદ કોલેજની તમામ માહિતી ઉપલબ્ધ છે. આ શિક્ષણ અને સંશોધનને લગતી માહિતી ખેડૂતો અને વિદ્યાર્થીઓને ઉપયોગી થશે.

આ ઉપરાંત અત્રે આકાર પામનાર તમામ મકાનોના પ્લાન લેઆઉટનું નિરીક્ષણ અત્રે ઉપસ્થિત માન. મંત્રીશ્રીઓ તથા મહાનુભાવોને દ્રષ્ટિ ગોચર કરાવવામાં આવ્યું. ભવિષ્યમાં આ ૧૦૦ હેકટર વિસ્તારમાં કેમ્પસમાં આકાર લેનાર પ્રવૃત્તિઓ વિશે ખુશી વ્યકત કરી. આ પ્રસંગે યનિવર્સિટી અધિકારીશ્રીઓ, વૈજ્ઞાનિકશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ તથા ખેડૂતો અને વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહેલ હતા.








દાંતીવાડા કૃષિ
અને છાત્રાલય







*****